# <u>ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.</u>

## <u>અખબારી યાદી</u>

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની અખબારી યાદી જણાવે છે કે તા.૧૮/૦૪/૨૦૨૨, સોમવારના રોજ લેવાનાર ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (ગુજકેટ) – ૨૦૨૨ની પરીક્ષાનું એડમિશન કાર્ડ (પ્રવેશિકા/**Hall Ticket**) ફક્ત ઓનલાઈન મૂકવામાં આવશે. જેની ગુજકેટ-૨૦૨૨ ની પરીક્ષાના તમામ ઉમેદવારોએ, વાલીઓએ તથા રાજ્યની વિજ્ઞાન પ્રવાહ ધરાવતી તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓએ નોંધ લેવા વિનંતી છે.

ગુજકેટ-૨૦૨૨ ની પરીક્ષામાં ઉપસ્થિત થનાર ઉમેદવારોએ પોતાનું એડમિશન કાર્ડ (પ્રવેશિકા) બોર્ડની વેબસાઈટ **<u>gujcet.gsebht.in</u>** અથવા **<u>gsebht.in</u>** અથવા **<u>www.gseb.org</u>** પરથી તા.૦૮/૦૪/૨૦૨૨ થી **Download** કરવાનું રહેશે. જેમાં ઉમેદવારોએ ગુજકેટ-૨૦૨૨ માટે ભરેલ આવેદનપત્રમાં નોંધાયેલ <u>મોબાઈલ નંબર અથવા ઈ-મેઈલ આઈ.ડી</u> અને <u>જન્મ તારીખ અથવા એપ્લીકેશન નંબર</u> દાખલ કરી એડમિશન કાર્ડ (પ્રવેશિકા/**Hall Ticket**) ડાઉનલોડ કરી શકાશે. ઉમેદવારો પોતાના નામ પરથી પણ એડમિશન કાર્ડ (પ્રવેશિકા) **Search** કરી, જન્મ તારીખની વિગત ભરીને ડાઉનલોડ કરી શકશે.

આ ઉપરાંત ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ખાતે નોંધાયેલ રાજ્યની વિજ્ઞાન પ્રવાહની તમામ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ પોતાના ઈન્ડેક્ષ નંબર તથા રજીસ્ટર્ડ મોબાઈલ નંબર નો ઉપયોગ કરી લોગ-ઈન થઈ પોતાની શાળાના ગુજકેટ-૨૦૨૨ માટેના ઉમેદવારોના એડમિશન કાર્ડ (પ્રવેશિકા/**Hall Ticket**) ડાઉનલોડ કરીને તમામ વિદ્યાર્થીઓને વિતરણ કરી શકશે.

ગુજકેટ-૨૦૨૨ માટેની એડમીશન કાર્ડ (પ્રવેશિકા/**Hall Ticket**) ફક્ત ઓનલાઈન માધ્યમથી મળી રહેશે, જે પરીક્ષાખંડમાં પ્રવેશ માટે માન્ય રહેશે. આ હોલટિકિટ પર શાળાના આચાર્યશ્રીઓના સહિ સિક્કો કરાવવાની જરૂર નથી જે ધ્યાને લેશો.

### <u>ઉમેદવારો(પરીક્ષાર્થીઓ) માટે ખાસ નોંધ</u>:-

ગુજકેટ-૨૦૨૨ પરીક્ષાના ઉમેદવારોએ પરીક્ષા દરમ્યાન એડમિશન કાર્ડ (પ્રવેશિકા/**Hall Ticket**) સાથે કોઈ પણ એક ફોટો આઈ.ડી પ્રુફ (આધાર કાર્ડ અથવા ડ્રાઈવીંગ લાયસન્સ અથવા ધોરણ-૧૨ની પરીક્ષાની હોલટિકિટ) સાથે લઈ જવાનું રહેશે. જેની ખાસ નોંધ લેવી.

(ડી.કે.મહેતા)
નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તા - ૦૮/૦૪/૨૦૨૨
સ્થળ - ગાંધીનગર.